પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુરમાં પ્રકાશિત થતું દૈનિક

પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૭૦ કુલ પાના : ૪ તારીખ : ૧૪-૧૧-૨૦૨૫ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક : કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તળાવ રોડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કુલગામ હુમલો: આતંકવાદીઓએ બુલેટપ્રૂફ જેકેટમાં ઘૂસીને બખ્તર-ભેદક ગોળીઓ ચલાવી; નવી માહિતી બહાર આવી

નવીદિલ્હી

કુલગામ જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ચોકી પર થયેલા આતંકવાદી હુમલાની પ્રારંભિક તપાસમાં અત્યંત ગંભીર અને ચોંકાવનારી માહિતી બહાર આવી છે. તપાસ દરમિયાન મળેલા પુરાવાઓ પરથી જાણવા મળ્યું છે કે આતંકવાદીઓએ હુમલો કરવા માટે ખૂબ જ ઘાતક બખ્તર-ભેદક ગોળીઓનો ઉપયોગ કર્યો હતો. તપાસથી પરિચિત સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોળીઓ એટલી શક્તિશાળી હતી કે તે ફરજ પરના સીઆરપીએફ કર્મચારીઓના શરીરના બખ્તર (બુલેટપ્રૂફ જેકેટ) માં ઘૂસી ગઈ. રક્ષણાત્મક ગિયર હોવા છતાં, તેના પરિણામે ગંભીર ઈજાઓ થઈ.



પ્રારંભિક ફોરેન્સિક અને બેલિસ્ટિક પરીક્ષણોએ પણ અમુક અંશે પુષ્ટિ કરી છે કે હુમલાખોરોએ હુમલામાં એકે-૪૭ રાઇફલનો ઉપયોગ કર્યો હતો. જો કે, એક અધિકારીએ જણાવ્યું હતું કે બખ્તર-વીંધતી ગોળીઓનો ઉપયોગ થયાના સંકેતો મળ્યા છે, પરંતુ વધુ તપાસ પૂર્ણ થયા પછી જ ઔપચારિક પુષ્ટિ શક્ય બનશે.

બખ્તર-વીંધતી ગોળીઓ ખાસ કરીને બુલેટપ્રૂફ જેકેટ, બખ્તરવાળા વાહનો અને રક્ષણાત્મક બખ્તરમાં ઘૂસી ગયેલી ગોળીઓનો ઉપયોગ કરવા માટે બનાવવામાં આવી છે. તેમની પાસે અત્યંત કઠણ ધાતુ (જેમ કે સ્ટીલ અથવા ટંગસ્ટન) માંથી બનેલું કોર છે, જે તેમને પરંપરાગત ગોળીઓ કરતાં વધુ ઘાતક બનાવે છે.

કુલગામ હુમલામાં આ ઉચ્ચ-કેલિબર ગોળીઓના ઉપયોગથી સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓમાં ચિંતા વધી છે. ખીણમાં અગાઉના ઘણા હુમલાઓમાં આતંકવાદીઓ દ્વારા આ અત્યાધુનિક અને ઘાતક કારતૂસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ નવા ખુલાસા બાદ, સુરક્ષા દળોના સુરક્ષા ધોરણો અને પ્રોટોકોલની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે.

જમ્મુ અને કાશ્મીરમાં કાર્યરત આતંકવાદીઓએ તેમની રણનીતિ બદલી છે, હુમલા પછી તરત જ એક સ્થાનથી બીજા સ્થાને ભાગી જવાને બદલે લાંબા સમય સુધી સલામત આશ્રયસ્થાનોમાં છુપાઈને રહેવાનું પસંદ કર્યું છે. આતંકવાદીઓનું આ ઓપરેશનલ નેટવર્ક સુરક્ષા એજન્સીઓ માટે એક નવો પડકાર ઉભો કરી રહ્યું છે.

ગુપ્તચર માહિતી અનુસાર, આતંકવાદીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ ઘટાડી રહ્યા છે. તેના બદલે, તેઓ જીપીએસ-આધારિત નેવિગેશન ઉપકરણો દ્વારા તેમની હિલચાલ અને તેમના છુપાયેલા સ્થળો સુધી પહોંચવાની વ્યવસ્થા કરી રહ્યા છે. સલામત આશ્રયસ્થાનોનું નેટવર્ક, જ્યાં લાંબા ગાળાના રહેઠાણ અને ખોરાક અને પાણી પહેલાથી જ ઉપલબ્ધ છે, તેમની વ્યૂહરચના માટે મહત્વપૂર્ણ છે.

કુલગામ જિલ્લામાં બે આતંકવાદીઓએ સીઆરપીએફ ચોકી પર હુમલો કર્યો. હુમલામાં ત્રણ સૈનિકો ઘાયલ થયા હતા, જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આતંકવાદીઓ ચોકીથી લગભગ ૫૦ મીટર દૂર જંગલ વિસ્તારમાંથી બહાર નીકળ્યા હતા અને હુમલા પછી તરત જ જંગલમાં પગપાળા ભાગી ગયા હતા. જવાબી ગોળીબાર દરમિયાન ભાગી ગયેલા આતંકવાદીઓમાંથી એકનો મોબાઈલ ફોન ઘટનાસ્થળેથી મળી આવ્યો હતો. સુરક્ષા એજન્સીઓએ તેને જમ કરી લીધું છે. સુરક્ષા દળોએ આતંકવાદીઓને પકડવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ ઘટના ત્યારે બની જ્યારે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા પણ કુલગામ જિલ્લામાં હાજર હતા. જોકે, તેઓ હુમલાના સ્થળની નજીક નહોતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બુધવારે બપોરે ૨:૧૫ વાગ્યાની આસપાસ બની હતી. સીઆરપીએફની ૪૬મી બટાલિયનની એક ટીમ શ્રીનગરથી લગભગ ૭૫ કિલોમીટર દૂર અને ભારે સુરક્ષાવાળા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગથી માંડ એક કિલોમીટર દૂર નૌપોરા અખરાન વિસ્તારમાં નિયમિત ફરજ પર હતી, ત્યારે બે આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો.ગોળીબારમાં હેડ કોન્સ્ટેબલ સોમબીર સિંહ, કોન્સ્ટેબલ રાકેશ દાસ અને કોન્સ્ટેબલ સંતોષ ચંદુ ઘાયલ થયા હતા. ત્રણેયને તાત્કાલિક જીએમસી અનંતનાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. સંતોષ ચંદુને પેટ અને કરોડરજ્જુમાં ગોળી વાગી હતી અને તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પશ્ચિમ બંગાળના રહેવાસી ચંદુને બાદમાં શ્રીનગરની ૯૨ બેઝ હોસ્પિટલમાં એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે હુમલાખોરોમાંથી એકે ચેકપોઈન્ટ પર ગોળીબાર કર્યો હતો જ્યારે બીજાએ કવર પૂરું પાડ્યું હતું.

ભાડજના હરે કૃષ્ણ મંદિરમાં ભવ્ય ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ઉજવણી કરાઇ

૧૦૦૮થી વધુ વાનગીઓ ધરાવાઈ

અમદાવાદ

ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ, ભવ્ય શણગાર અને અવનવી વાનગીઓના અન્નકૂટ સાથે ભાડજના હરે કૃષ્ણ મંદિરમાં અનોખો ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. કાર્તિક દીપોત્સવની ઉજવણીના ભાગરૂપે મંગળવાર, તા. ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ભગવાન શ્રીકૃષ્ણની ગોવર્ધન લીલાનું સ્મરણ કરવામાં આવ્યું હતું. પૌરાણિક માન્યતા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણે ઈન્દ્રના કોપથી વૃંદાવનવાસીઓનું રક્ષણ કરવા માટે પોતાની નાની આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો. આ દિવ્ય પ્રસંગની સ્મૃતિમાં ભક્તોએ ઉત્સાહપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.

હરે કૃષ્ણ મંદિર, ભાડજના અધ્યક્ષ સ્વામી શ્રી જગનમોહન કૃષ્ણ દાસે ગોવર્ધન પૂજાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, એક વખત ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે વૃંદાવનવાસીઓ ઈન્દ્રયજ્ઞની તૈયારી કરી રહ્યા છે. ત્યારે તેમણે ઈન્દ્રની પૂજા કરવાને બદલે ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું સૂચન કર્યું હતું. આ વાતથી ઈન્દ્ર ક્રોધિત થયા અને તેમણે વૃંદાવન પર વિનાશકારી વરસાદ વરસાવ્યો હતો. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ડાબા હાથની નાની આંગળી પર ગોવર્ધન પર્વતને છત્રની જેમ સાત દિવસ સુધી ધારણ કર્યો હતો અને વૃંદાવનના તમામ રહેવાસીઓને આશ્રય આપ્યો હતો.



અંતે પોતાની ભૂલનો અહેસાસ થતાં ઈન્દ્રે ભગવાન શ્રીકૃષ્ણની ક્ષમા માગી હતી. સ્વામીજીએ જણાવ્યું કે આ લીલા દ્વારા ભગવાને સમજાવ્યું છે કે જે ભક્ત સંપૂર્ણ શ્રદ્ધા સાથે પરમેશ્વરને શરણે જાય છે અને ભક્તિમય સેવામાં જોડાય છે, તે તમામ બંધનોથી મુક્ત રહે છે. તેને ભૌતિક લાભ માટે અન્ય દેવતાઓની પૂજા કરવાની આવશ્યકતા રહેતી નથી. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણવાયેલી આ ગોવર્ધન લીલામાં ભગવાન શ્રીકૃષ્ણ ગોવર્ધન પર્વતને પોતાનું જ સ્વરૂપ ગણાવે છે.

આ દિવ્ય લીલાની સ્મૃતિમાં મંદિર પરિસરમાં સુંદર ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૫૦થી વધુ પ્રકારની વાનગીઓ ભગવાનને અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦૦૮થી વધુ પ્રકારની કેક, કૂકીઝ, મીઠાઈઓ અને વિવિધ વાનગીઓ ભગવાન શ્રી શ્રી રાધા માધવજી તથા શ્રી ગોવર્ધનજીને ધરાવવામાં આવી હતી. આ ભવ્ય અન્નકૂટ ભક્તો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

ખાસ વાત એ હતી કે આ કેક અને કૂકીઝ મંદિરની બેકરીમાં ભક્તો દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને તે સંપૂર્ણપણે શાકાહારી હતી. ત્યારબાદ ભગવાન શ્રી શ્રી રાધા માધવજીને અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો અને ભગવાન તથા ગોવર્ધન પર્વતની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. આ દરમિયાન ભક્તોએ ગોવર્ધન પર્વતની મહિમાનું વર્ણન કરતા આઠ શ્લોકો ધરાવતા શ્રી ગોવર્ધનાષ્ટકમનું ભાવપૂર્વક ગાન કર્યું હતું.

મહોત્સવ દરમિયાન ભગવાન શ્રી શ્રી રાધા માધવજીની સુવર્ણ રથ પર ભવ્ય નગરયાત્રા પણ યોજાઈ હતી. હરિનામ સંકીર્તન સાથે નીકળેલી આ આનંદમય નગરયાત્રા સૌના માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભક્તો ભગવાનના નામનું સંકીર્તન કરતા ઉત્સાહપૂર્વક નગરયાત્રામાં જોડાયા હતા. આ ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણની ગોપાલ સ્વરૂપે એટલે કે ગાયોના રક્ષક તરીકે પણ પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશેષ ગૌપૂજાનું આયોજન કરાયું હતું. ગાયોને રેશમી વસ્ત્રોથી સુંદર રીતે શણગારવામાં આવી હતી અને પરંપરાગત રીતે તેમને ગોળ તથા કેળાં અર્પણ કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ગાયોને આગળ રાખીને ભક્તોએ ગોવર્ધન પર્વતની પરિક્રમા કરી હતી.કાર્યક્રમના અંતે ભગવાનને અર્પણ કરવામાં આવેલી કેક, કૂકીઝ અને અન્ય તમામ વાનગીઓ ભક્તોને પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવી હતી. આ સાથે કાર્તિક માસ દરમિયાન ઉજવાતા દીપોત્સવ મહોત્સવના ભાગરૂપે ભગવાનની ભવ્ય દીપોત્સવ આરતી પણ કર?

ગુજરાત એસટીએ બનાવ્યો નવો રેકોર્ડ: ભાઈબીજે ૯૯ હજારથી વધુ ટિકિટ મોબાઈલ એપથી બુક

અમદાવાદ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમએ ડિજિટલ ટિકિટ બુકિંગ ક્ષેત્રે નવો વિક્રમ સ્થાપ્યો છે. ભાઈબીજના દિવસે એટલે કે ૧૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાજ્યમાં એક જ દિવસમાં એસટી બસની ૧,૪૬,૮૭૫ સીટનું બુકિંગ નોંધાયું હતું. નિગમના ઈતિહાસમાં એક દિવસમાં થયેલું આ અત્યાર સુધીનું સૌથી વધુ બુકિંગ છે. ખાસ વાત એ છે કે કુલ બુકિંગમાંથી ૯૯,૪૦૨ સીટનું બુકિંગ માત્ર મોબાઈલ એપ્લિકેશન દ્વારા થયું હતું. આ આંકડા દર્શાવે છે કે મુસાફરોમાં ઓનલાઈન ટિકિટ બુકિંગનો ઉપયોગ સતત વધી રહ્યો છે.

જીએસઆરટીસીના જણાવ્યા અનુસાર, ભાઈબીજના દિવસે ડિજિટલ ટિકિટ બુકિંગ દ્વારા કુલ રૂ.૩.૫૫ કરોડની આવક થઈ હતી. તેમાંથી મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી જ રૂ.૨.૨૭ કરોડની આવક નોંધાઈ હતી. જ્યારે ૧૧ નવેમ્બરના રોજ નિગમની તમામ સેવાઓની કુલ આવક રૂ.૧૩ કરોડથી વધુ રહી હતી.

નિગમના જણાવ્યા મુજબ, ડિજિટલ બુકિંગ અને આવકની દૃષ્ટિએ





દેશનાં રાજ્ય પરિવહન નિગમોમાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. જીએસઆરટીસીએ સતત સાતમા વર્ષે આ સ્થાન જાળવી રાખ્યું હોવાનું જણાવાયું છે.

જીએસઆરટીસીના ડિજિટલ બુકિંગના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૯માં એક દિવસમાં ૭૪,૩૬૮ સીટનું બુકિંગ થયું હતું, જેના થકી રૂ.૧.૫૩ કરોડની આવક થઈ હતી. ત્યારબાદ વર્ષો દરમિયાન ડિજિટલ બુકિંગમાં સતત વધારો નોંધાયો છે. હવે ભાઈબીજના દિવસે આ આંકડો વધીને ૧,૪૬,૮૭૫ સીટ સુધી પહોંચ્યો છે.

આ સિદ્ધિ બદલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જીએસઆરટીસીના ડ્રાઇવર, કંડક્ટર, મિકેનિક સહિત સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તહેવારના દિવસોમાં કર્મચારીઓએ પોતાના પરિવાર સાથે સમય વિતાવવાને બદલે મુસાફરોને સુરક્ષિત અને સમયસર તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવા માટે ફરજ બજાવી હતી. કર્મચારીઓની મહેનત અને નિષ્ઠાને કારણે જ નિગમ આ સિદ્ધિ હાંસલ કરી શક્યું છેમુસાફરોને સરળ, પારદર્શક અને આધુનિક પરિવહન સુવિધા આપવા માટે જીએસઆરટીસી દ્વારા ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભાઈબીજના દિવસે થયેલું રેકોર્ડ બુકિંગ દર્શાવે છે કે હવે મોટી સંખ્યામાં મુસાફરો ટિકિટ કાઉન્ટર પર જવાને બદલે મોબાઈલ એપ અને ઓનલાઈન માધ્યમો દ્વારા ટિકિટ બુક કરવાનું પસંદ કરી રહ્યા છે.

દ્વારકાધીશ મંદિરમાં ત્રાટકેલી ખિસ્સાકાતરુ ગેંગનો પર્દાફાશ: રાજકોટ અને જૂનાગઢના ૬ શખ્સો ઝડપાયા

દ્વારકા

યાત્રાધામ દ્વારકામાં દિવાળી વેકેશનની ભીડનો લાભ ઉઠાવીને દર્શનાર્થીઓના ખિસ્સા કાતરતી આંતરજિલ્લા ગેંગનો દ્વારકા પોલીસે સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. ભગવાન દ્વારકાધીશના દર્શને આવતા શ્રદ્ધાળુઓને નિશાન બનાવી પાકીટ, રોકડ અને મોબાઈલ ફોનની ચોરી કરતી ટોળકીના કુલ છ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓ રાજકોટ અને જૂનાગઢ પંથકના હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ ગેંગ પાસેથી રોકડ રકમ, પાંચ મોબાઈલ ફોન અને એક સ્વિફ્ટ કાર સહિત કુલ ૩.૮૧ લાખનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળી વેકેશનનો માહોલ હોવાથી દેવભૂમિ દ્વારકા ખાતે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી રહ્યા છે. મંદિર પરિસર અને આસપાસના ભીડભાડવાળા વિસ્તારોમાં યાત્રાળુઓની નજર ચૂકવી ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોવાની ચોક્કસ બાતમી દ્વારકા પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસ દ્વારા અલગ- ટીમો બનાવી વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન કીર્તિ સ્તંભ પાસે શંકાસ્પદ હિલચાલ કરતા બે શખ્સોને પોલીસે ઝડપી લઈને કડક પૂછપરછ કરતા આખી ગેંગનો ભાંડો ફૂટ્યો હતો.

પોલીસ તપાસમાં આ ટોળકીની ચોરી કરવાની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. આ શખ્સો ખાસ કરીને મેળા, તહેવારો અને મોટા ધાર્મિક સ્થળોએ થતી ભીડનો લાભ લઈને ચોરીને અંજામ આપતા હતા. ટોળકીના સભ્યો કોઈ એક યાત્રાળુને ટાર્ગેટ બનાવીને તેની આગળ-પાછળ ગોઠવાઈ જતા હતા અને ભીડમાં ધક્કામુક્કીનું વાતાવરણ ઊભું કરીને નજર ચૂકવી ખિસ્સામાંથી પાકીટ, રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સેરવી લેતા હતા.

પોલીસે આ ગુનામાં કુલ છ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં પાંચ આરોપીઓ રાજકોટના અને એક આરોપી જૂનાગઢનો રહેવાસી છે. ઝડપાયેલા શખ્સો પાસેથી પોલીસે ૧,૪૦,૦૦૦ ની રોકડ રકમ, ૪૧,૦૦૦ ની કિંમતના પાંચ મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી ૨,૦૦,૦૦૦ ની કિંમતની સ્વિફ્ટ કાર મળી કુલ ૩,૮૧,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પોલીસના હાથે ઝડપાયેલા આ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંથી કેટલાક શખ્સો વિરુદ્ધ અગાઉ પણ ચોરી સહિતના અન્ય ગુનાઓ પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. હાલ દ્વારકા પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરીને આ ગેંગે અન્ય કોઈ સ્થળે ચોરીને અંજામ આપ્યો છે કે કેમ તે દિશામાં વધુ તપાસ તેજ કરી છે.

માતાપિતાને તરછોડનારાઓનો સામાજિક બહિષ્કાર કરો', હર્ષભાઈ સંઘવીની અપીલ

મહેસાણા

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ખાતે યોજાયેલા શ્રી બહુચર પાટીદાર વાડીના ઉદ્ઘાટન સમારોહમાં માતાપિતાની અવગણના કરતા સંતાનોને લઈને મોટું નિવેદન આપ્યું હતું. તેમણે સમાજના લોકોને અપીલ કરી હતી કે જે સંતાનો પોતાના વૃદ્ધ માતા-પિતાને તરછોડી દે છે અથવા તેમને વૃદ્ધાશ્રમમાં મોકલે છે, તેમનો સામાજિક બહિષ્કાર કરવો જોઈએ. હર્ષભાઈ સંઘવીના આ નિવેદનથી સામાજિક જવાબદારી અને વડીલોના સન્માનનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.



સમારોહને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે જે માતા-પિતા પોતાના સંતાનોને ઉછેરવા માટે આખી જિંદગી મહેનત કરે છે, અનેક મુશ્કેલીઓ સહન કરે છે અને કાળી મજૂરી કરીને તેમને મોટા કરે છે, એ જ માતાપિતાને વૃદ્ધાવસ્થામાં સહારો આપવાની જવાબદારી સંતાનોની છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે જે વ્યક્તિ પોતાના માતાપિતાને નથી સાચવી શકતી, તે અન્ય કોઈ સંબંધ કેવી રીતે સાચવી શકશે?

નાયબ મુખ્યમંત્રીએ સમાજના આગેવાનો અને લોકોને અપીલ કરી હતી કે જે સંતાનો પોતાના વૃદ્ધ માતાપિતાને વૃદ્ધાશ્રમમાં મોકલે છે, તેમને સામાજિક પ્રસંગોમાં આમંત્રિત ન કરવા જોઈએ. લગ્નપ્રસંગો, સામાજિક મેળાવડા અને અન્ય કાર્યક્રમોમાં આવા લોકોને સ્થાન ન આપીને સમાજે સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ કે માતાપિતાની અવગણના સ્વીકાર્ય નથી.

હર્ષભાઈ સંઘવીએ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણા માટે નક્કર પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે સમાજના આગેવાનોને વૃદ્ધ માતાપિતાની અવગણના કરતા સંતાનો સામે કડક સામાજિક નિયમો બનાવવા અપીલ કરી હતી. માતાપિતાએ જીવનભર પરસેવો પાડીને સંતાનોનું ભવિષ્ય બનાવ્યું હોય ત્યારે વૃદ્ધાવસ્થામાં તેમની જવાબદારીથી દૂર ભાગતા સંતાનોને સામાજિક કાર્યો અને પ્રસંગોથી દૂર રાખવા જોઈએ તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

રણાસણ ખાતેના આ સમારોહમાં હર્ષભાઈ સંઘવીના નિવેદનનો મુખ્ય સંદેશ એ રહ્યો હતો કે માતા-પિતાની સેવા માત્ર પરિવારની નહીં, પરંતુ સમગ્ર સમાજની નૈતિક જવાબદારીનો વિષય છે. વૃદ્ધાવસ્થામાં માતાપિતાને એકલતા કે અસહાય સ્થિતિમાં મૂકવાને બદલે તેમને સન્માન, પ્રેમ અને સહારો આપવો જોઈએ. સમાજના આગેવાનો સાથે મળીને આ દિશામાં નિર્ણય લે તો સામાજિક સ્તરે પરિવર્તન લાવી શકાય તેવી અપીલ પણ તેમણે કરી હતી.

મણિપુરમાં આતંકવાદીઓએ બે કાર પર ગોળીબાર કર્યો, જેમાં બે મહિલાઓ સહિત ચાર લોકોના મોત થયા



ઈમ્ફાલ

મણિપુરના ઉખરુલ જિલ્લામાં શુક્રવારે શંકાસ્પદ આતંકવાદીઓએ બે વાહનો પર ગોળીબાર કર્યો, જેમાં બે મહિલાઓ સહિત ચાર લોકોના મોત થયા, એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના ઈમ્ફાલ-ઉખરુલ રોડ પર "ન્યૂ હેવન" વિસ્તારમાં બની હતી જ્યારે સશસ્ત્ર આતંકવાદીઓએ બે ફોર વ્હીલર વાહનો પર ગોળીબાર કર્યો હતો.

તેમણે કહ્યું કે બંને કારમાં મુસાફરી કરી રહેલા બે પુરુષો અને બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. બંને વાહનોના કાચ પર ગોળીઓના નિશાન સ્પષ્ટ દેખાતા હતા. અગાઉ, કાંગપોકપીના તાપો કુકી ગામ અને પડોશી સેનાપતિ જિલ્લાના કેલેજંગ નજીકના વિસ્તારમાં બે હરીફ જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. ૪૨ વર્ષીય કુકી મહિલાનું ગોળી મારીને મોત થયું હતું અને બે પુરુષો ઘાયલ થયા હતા.મણિપુરમાં, મે ૨૦૨૩માં ખીણમાં રહેતા મેઇતેઈ સમુદાયો અને પહાડીઓમાં રહેતા કુકી સમુદાયો વચ્ચે ફાટી નીકળેલા વંશીય સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૦૬ લોકો માર્યા ગયા છે. આ સંઘર્ષથી ૪૯ લોકો ગુમ થયા છે અને હજારો લોકો બેઘર થયા છે. આ વર્ષે ફેબ્રુઆરીથી પહાડી જિલ્લાઓમાં કુકી અને નાગા સમુદાયો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા ૫૦ લોકો માર્યા ગયા છે.દરમિયાન, ગુરુવારે મણિપુરના કાંગપોકપી જિલ્લામાં શંકાસ્પદ આતંકવાદીઓના બે જૂથો વચ્ચે થયેલા ગોળીબારમાં કુકી સમુદાયની એક મહિલાનું મોત થયું હતું અને બે અન્ય ઘાયલ થયા હતા. આ ઘટના બાદ, કુકી સંગઠને જિલ્લામાં ૪૮ કલાકના સંપૂર્ણ બંધનું એલાન આપ્યું છે. સંગઠને સરકારને જિલ્લામાંથી તમામ સુરક્ષા દળો પાછા ખેંચવાની માંગ કરી છે, આરોપ લગાવ્યો છે કે સુરક્ષા દળો નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયા છે.

વડોદરાના આકાશમાં વાયુસેનાનો જલવો, પાંચ હેલિકોપ્ટર સાથે સારંગ ટીમે બતાવ્યું અદભુત કૌશલ્ય

વડોદરા

વડોદરાના આકાશમાં ભારતીય વાયુસેનાની 'સારંગ' હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે શાનદાર હવાઈ પ્રદર્શન યોજ્યું હતું. પાંચ હેલિકોપ્ટર સાથે એકસાથે કરતબો રજૂ કરતી આ ટીમના પાયલટોએ સચોટ તાલમેલ અને કૌશલ્યથી વિવિધ ફોર્મેશન બનાવીને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ભારતીય વાયુસેનાની 'સારંગ' ટીમ વિશ્વની એકમાત્ર એવી હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ તરીકે ઓળખાય છે, જે એકસાથે પાંચ હેલિકોપ્ટર દ્વારા હવાઈ કરતબો રજૂ કરે છે. વડોદરામાં યોજાયેલા આ પ્રદર્શનમાં પાયલટોએ નજીકના અંતરે હેલિકોપ્ટર ઉડાવીને વિવિધ દિલધડક ફોર્મેશન રજૂ કર્યાં હતાં. આકાશમાં હેલિકોપ્ટરોની એકસાથે થતી હિલચાલ અને પાયલટો વચ્ચેનો તાલમેલ જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. આ હવાઈ પ્રદર્શને શહેરીજનો અને ખાસ કરીને યુવાનોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો.

હરિદ્વાર યાત્રાના નામે મહિસાગર-દાહોદના ૬૦૦થી વધુ લોકો સાથે છેતરપિંડી : ભાગવત કથામાં લઈ જવાનું કહી વ્યક્તિદીઠ ૩.૪,૨૦૦ લીધા ; યાત્રાના દિવસે આયોજકો ગાયબ, ઓફિસો બંધ

મહિસાગર,

મહિસાગર, દાહોદ અને સુરેન્દ્રનગર જિલ્લાના ૬૦૦થી વધુ વરિષ્ઠ નાગરિકો સાથે હરિદ્વાર યાત્રાના નામે છેતરપિંડી આચરવામાં આવી છે. શ્રીમદ ભાગવત કથામાં લઈ જવાનું કહી વ્યક્તિદીઠ ૩.૪,૨૦૦ લેવામાં આવ્યા હતા. જોકે, યાત્રાના દિવસે આયોજકો ગાયબ થઈ ગયા હતા અને ઓફિસો પણ બંધ જોવા મળી હતી. જેથી યાત્રીઓએ વિવિધ પોલીસ મથકે રજૂઆત કરી છે.

દાહોદમાં અત્યાર સુધી ૭૫ જેટલા નાગરિકો જ્યારે મહિસાગર જિલ્લામાં ૧૨૬ લોકો તેમજ સુરેન્દ્રનગરમાં ૪૫૦થી વધુ લોકો સાથે છેતરપિંડી થઈ છે. રાજ્યના અન્ય જિલ્લામાં પણ આ મુજબ છેતરપિંડી થઈ હોવાની શક્યતા છે.

હરિદ્વાર યાત્રા માટેની એક પત્રીકા પણ બહાર પાડી આ પત્રીકામાં યાત્રા તા. ૧૧-૧૧ - ૨૦૨૬ના રોજ શરૂ થશે અને ૨૧ તારીખે પરત ફરજે, તેમજ કથા ૧૩ તારીખથી શરૂ થશે તેવો ઉલ્લેખ કરાયો હતો. યાત્રામાં જોડાવા માટે વ્યક્તિ દીઠ ૩.૪૨૦૦ નક્કી કરવામાં આવ્યા હતા. જેની સામે કથામાં બેસનાર તમામને દરરોજ ૩.૬૦૦ લેખે તમામ રકમ પરત આપવામાં આવશે તેવી પણ લાલચ અપાઈ હતી.

શ્રીમદ ભાગવત કથા અને યાત્રા અંગે જાહેરાતનાં બોર્ડ લગાવાયા મહીસાગર જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં તેમજ દાહોદ અને સુરેન્દ્રનગરમાં હરિદ્વારમાં શ્રીમદ ભાગવત કથા અને યાત્રા અંગે જાહેરાતનાં બોર્ડ લગાવાયા હતા. લુણાવાડા શહેરના વરઘરી રોડ પર યાત્રાના આયોજન માટે ઓફિસ પણ શરૂ કરાઈ હતી. જાહેરાતના આધારે અનેક વરિષ્ઠ નાગરિકોએ નામ નોંધાવ્યાં હતાં. યાત્રીઓના જણાવ્યા પ્રમાણે, પ્રવાસ માટે દરેક પાસેથી નક્કી કરાયેલી રકમ લઈ ભાગવત કથામાં એક દિવસ બેસવા બદલ ૩.૬૦૦ પરત આપવાની વાત પણ કરાઈ હતી. આ પછી ઘણા વરિષ્ઠ નાગરિકોએ યાત્રાની તૈયારી શરૂ કરી હતી.

નક્કી કરેલા સ્થળે પહોંચ્યા ત્યારે આયોજકો ત્યાં નહોતા હરિદ્વાર જવા માટે નક્કી કરેલા સ્થળે પહોંચ્યા ત્યારે આયોજકો ત્યાં નહોતા. ઓફિસમાં પણ કોઈ ન મળતાં યાત્રીઓએ પોતે છેતરાયા હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જાહેરાતનાં બોર્ડ પર ડાયાજી અને અનુપસિંહનાં નામ તથા મોબાઈલ નંબર લખેલા હતા. યાત્રામાં નામ નોંધાવવા માટે વરિષ્ઠ નાગરિકો પાસેથી ફોટોગ્રાફ અને આધારકાર્ડ સહિતના અંગત દસ્તાવેજો પણ લેવાયા હતા. દસ્તાવેજોનો દુરુપયોગ થઈ શકે તેવી આશંકાથી યાત્રીઓ ચિંતિત છે.

'અમારા પૈસા પરત આવે એવી અમારી માગ છે' લુણાવાડાના ભોગબનનાર સોલંકી હર્ષદભાઈએ જણાવ્યું કે, લુણાવાડાથી ૧૨૬ યાત્રાળુઓને હરિદ્વાર લઈ જવાનું અમને પ્રોમિસ આપ્યું હતું અને આધાર કાર્ડ તેમજ રોકડા પૈસા લઈને આ લોકોએ અમારી સાથે ફ્રોડ કર્યું છે. આવું ફ્રોડ ભાવનગર, દાહોદ, વેરાવળમાં પણ થયું છે. અમારા પૈસા પરત આવે અને હવે આવી રીતનું આગળ ફ્રોડ ન થાય એવી સરકારને વિનંતી અને આ બધાને પકડવામાં આવે. તેમજ આધાર કાર્ડનો મિસયુઝ ના થાય એ ખાસ વિનંતી છે.

દુકાન બંધ કરીને તાળું મારીને જતા રહ્યા: ભોગ બનનાર ભોગબનનાર નિર્મળાબેન પટેલે જણાવ્યું કે, અમારા લીંમડી ગામમાં ટેમ્પલેટો વહેંચવામાં આવ્યા હતા કે મહિલા મંડળવાળી બહેનોને હરિદ્વાર લઈ જાય છે. જેથી અમે બધી બહેનોએ નામ લખાવ્યા હતા અને પૈસા જમા કરાવ્યા હતા. અમે તેઓને પૂછ્યું કે, ભાઈ તમે ઠગ નથી ને? તો તેઓએ કહ્યું 'ના બહેનો, અમે ઠગ નથી.'તમે બધા આરામથી પૈસા ભરો અમે તમને યાત્રામાં લઈ જશું.' ૧૧ તારીખે ત્રણ વાગે જવાનું એણે કીધું હતું,



પણ એ દિવસે ફોન સ્વીચઓફ કરી દીધો હતો. ટ્રાવેલ્સનું કોઈ એડ્રેસ નથી. અમારી બહેનો જોડે ઠગાઈ કરી છે. દુકાન પણ બંધ કરીને તાળું મારીને જતા રહ્યા છે. આની પૂરી તપાસ થાય એવું અમે ઈચ્છીએ છીએ. પોલીસ સ્ટેશનમાંથી યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો કાઈમ બ્રાન્ચમાં પણ અમે આગળ કાર્યવાહી કરીશું.

મહિસાગરમાં છેતરપિંડીનો ભોગ બન્યાનો આક્ષેપ કરતા વરિષ્ઠ નાગરિકો લુણાવાડા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પોલીસ સમક્ષ અરજી આપી રજૂઆત કરી હતી. પોલીસે અરજી આધારે તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મહિસાગર જિલ્લામાં સમગ્ર પ્રવાસના પૈસાનું કલેક્શન કરનાર એક વ્યક્તિ લુણાવાડાનો છે જ્યારે અન્ય બે મુખ્ય લોકો મહેસાણા બાજુના હોવાનું જાણવા મળ્યું છે. દાહોદમાં ઓફિસ ખાલી કરી આયોજકો ફરાર બીજી તરફ દાહોદમાં પણ આજ પ્રમાણે છેતરપિંડી આચરવામાં આવી છે. ગોધરા રોડ પર સંચાલકોએ ઓફિસ ભાડે રાખી હતી અને ધાર્મિક યાત્રાનું પેકેજ જાહેર કર્યું હતું. દાહોદ અને લીમડીના મહિલા મંડળો સહિતના શ્રદ્ધાળુઓએ પેકેજ માટે પૈસા જમા કરાવ્યા હતા. યાત્રાનો સમય નજીક આવતાં તેઓ ઓફિસે પહોંચ્યા, જોકે, આયોજકો ઓફિસ ખાલી કરીને ફરાર થઈ ગયા હતા. છેતરપિંડીનો ભોગ બનેલા શ્રદ્ધાળુઓએ પોલીસ સમક્ષ રજૂઆત કરી છે. દાહોદ એ-ડિવિઝનના પીઆઈએ જણાવ્યું કે આજે એફઆઈઆરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને આગળની કાર્યવાહી કરાશે.

બાલાસિનોરમાં સાંઈબાબા મંદિરે અન્નકૂટ યોજાયો



બાલાસિનોર

નવા વર્ષની શરૂઆતમાં બાલાસિનોરના સાંઈબાબા મંદિરે વિવિધ વાનગીઓનો અન્નકૂટ સજાવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ મંદિરે જઈ સાંઈબાબાનાં દર્શન કર્યા અને અન્નકૂટનાં દર્શનનો લાભ લીધો હતો. ભક્તોએ પ્રાર્થના કરી નવા વર્ષમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની કામના કરી હતી.

બાલાસિનોર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય માનસિંહ ચૌહાણે બાલાસિનોર સહિત સમગ્ર મતવિસ્તારના નાગરિકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. તેમણે નવું વર્ષ સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને પ્રગતિ લાવે તેવી શુભકામના વ્યક્ત કરી હતી.પૂર્વ ધારાસભ્ય અને અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશ પાઠકે પણ નગરજનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. તેમણે નાગરિકોનું જીવન નિરોગી, સુખમય અને સમૃદ્ધ બને તેવી શુભકામના વ્યક્ત કરી હતી. તેમણે વિકસિત ભારતના નિર્માણમાં સૌ સહભાગી બને અને દેશની પ્રગ

મહીસાગરમાં ૩૭૨ લોકોને સરકારી યોજનાઓનો લાભ મળશે : બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીએ ૧૨થી ૧૮ નવેમ્બર સુધી જનજાતીય ગૌરવ સપ્તાહ; વિવિધ કાર્યક્રમો યોજાશે

મહિસાગર

મહીસાગર જિલ્લામાં ૧૨થી ૧૮ નવેમ્બર દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહ ઉજવાશે. આ દરમિયાન ૩૭૨ લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવશે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રમતગમતના કાર્યક્રમો પણ યોજાશે. આ આયોજન અંગે લુણાવાડા જિલ્લા સેવા સદન ખાતે ધારાસભ્ય ડો. કુબેર ડિંડોરના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ હતી. સપ્તાહનો હેતુ આદિવાસી સમાજના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાનને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે.

દેશભરમાં ૧૫ નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસ ઉજવાય છે. વર્ષ ૨૦૨૧થી શરૂ થયેલી આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગે આ વર્ષે ૧૨થી ૧૮ નવેમ્બર સુધી કાર્યક્રમો રાખ્યા છે. ડો. કુબેર ડિંડોરે જણાવ્યું કે રાજ્યમાં ૧૫ નવેમ્બરે ૮૬ સ્થળોએ મુખ્ય કાર્યક્રમો યોજાશે. રાજ્યભરમાં ૨૭,૭૨૯ લાભાર્થીઓને કુલ ૨,૩૧૧ કરોડ રૂપિયાના વિકાસકાર્યો અને સહાયના લાભ અપાશે.મહીસાગર જિલ્લામાં સંતરામપુર, લુણાવાડા અને બાલાસિનોર એમ ત્રણેય વિધાનસભા વિસ્તારોમાં કાર્યક્રમો યોજાશે. જિલ્લામાં ૧૨૬ લોકોને વન અધિકારપત્રો અને ૧૫૫ લાભાર્થીઓને આવાસ યોજના હેઠળ ૧.૭૦ લાખ રૂપિયાની સહાય મળશે.આ ઉપરાંત ૫૮ ખેડૂતોને મંડપ યોજના હેઠળ સહાય અને ૩૦ નવપરિણીત આદિજાતિ મહિલાઓને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ૧૨ હજાર રૂપિયા અપાશે. તબેલા યોજના અને કાપડની દુકાન માટે પણ સહાય આપવામાં આવશે. સંતરામપુર મામલતદાર કચેરી ખાતે મહિલા સ્વસહાય જૂથોના સશક્તિકરણ માટે ઝોહર ટ્રાયબલ કાફે શરૂ કરાશે. સપ્તાહનું આ વિશેષ આકર્ષણ રહેશે.કાર્યક્રમો ૧૩ નવેમ્બરે યુવા સંવાદ સંમેલનથી શરૂથશે. ૧૪ નવેમ્બરે પ્રતિભા સ્વચ્છતા અભિયાન અને દીપોત્સવ યોજાશે. ૧૫ નવેમ્બરે શોભાયાત્રા અને જાહેરસભા થશે. ૧૬ નવેમ્બરે પ્રબુદ્ધ નાગરિક સંમેલન, ૧૭ નવેમ્બરે પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ અને ૧૮ નવેમ્બરે મહિલા સંમેલન યોજાશે. પત્રકાર પરિષદમાં જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર અર્પિત સાગર અને જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

સંતરામપુર ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને જનજાતીય ગૌરવ દિવસ અંતર્ગત યુવા સંમેલન યોજાયો

આદિવાસી યુવાનોને શિક્ષિત બનાવતા 'જળ-જંગલ-જમીન'નું જતન કરી 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કરતાં મંત્રી કુંવરજી બાવળિયા



સંતરામપુર,

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત સંતરામપુરના નગરપાલિકા હોલ ખાતે રાજ્યના શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર,ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને યુવા સંમેલન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોને સંબોધતા કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ભગવાન બિરસા મુંડાના બલિદાન અને તેમના જીવન સંદેશને યાદ કર્યો હતો. તેમણે આદિવાસી યુવાનોને શિક્ષિત બનવા, દેશને પ્રથમ રાખવા, ડિજિટલ અને અન્ય વ્યસનોથી મુક્ત રહેવા તથા 'જળ-જંગલ-જમીન'નું જતન કરી 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. મંત્રીશ્રીએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સરકારની 'વનબંધુ કલ્યાણ યોજના', 'એકલવ્ય મોડેલ સ્કૂલ' અને 'પીએમ જનમન' જેવી કલ્યાણકારી યોજનાઓનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત, આશ્રમ શાળાઓ, છાત્રાલયો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની સહાય થકી આદિવાસી વિદ્યાર્થીઓ એમબીબીએસ જેવા ઉચ્ચ શિક્ષણમાં જે પ્રગતિ કરી રહ્યા છે તેની તેમણે સરાહના કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારે ભગવાન બિરસા મુંડાના પ્રેરણાદાયી જીવનમાંથી યુવાનોને પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રસ્તા, પાણી, વીજળી અને દીકરીઓના શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે. તેમણે ૧૨ થી ૧૮ નવેમ્બર સુધી ચાલનારા આ ગૌરવવંતા દિવસોમાં ભગવાન બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી સૌને એક થઈને આદિવાસીના વિકાસ માટે પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.

કલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, અગાઉના દાયકાઓમાં આદિવાસી વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો સદંતર અભાવ હતો, પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ કરાયેલી 'વનબંધુ કલ્યાણ યોજના' થકી આજે આ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપ વધ્યો છે. આજે આદિવાસી સમાજના યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી ડોક્ટર અને વકીલ બની રહ્યા છે. છેવાડાના ઘરો સુધી મીટર આધારિત અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર સહિતના જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો, પદાધિકારીઓ, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કૌશલ્ય દ્વારા નોકરીની ઉત્તમ તક
આઈ.ટી.આઈ.
અડાદરા અને જાંબુઘોડા
સંસ્થામાં ચાલતા રોજગારી, સ્વરોજગારલક્ષી કોર્ષ
* ફીટર * વાયર મેન * NCVT TRADE
* કોપા * સિવણ
સંપર્ક સુત્ર :- ૭૦૪૩૬૦૧૭૦૦, ૯૯૦૯૮૦૨૭૯૯, ૬૩૫૨૨૪૦૮૦૪

દેસાઇ જનરલ હોસ્પિટલ
ડો.મનીષ.એમ.દેસાઇ (બી.એચ.એમ.એસ)
ડો.નિરૂપમા.એમ.દેસાઇ (બી.એચ.એમ.એસ)
મો.૯૯૭૮૫૮૧૨૨૨,૯૯૭૮૭૯૦૪૮૩
ઈમરજન્સી સારવાર ૨૪*૭
બસ સ્ટેન્ડ ફળીયુ પોલીસ સ્ટેશન નજીક મોરવા હડફ

નૂતન વર્ષાભિનંદન
મેહુલ ઓર્થોપેડીક હોસ્પિટલ
ટ્રોમા-સ્પાઈન સર્જરી-
જોઈન્ટ રીપ્લેસમેન્ટ-પેઈન મેનેજમેન્ટ
ડો.મેહુલ આર. ચંદાણા
મો.૯૧૭૩૦૯૪૯૦૯
એમ.બી.બી.એસ., એમ.એસ. ઓર્થો
ઓર્થોપેડી સ્પાઈન સર્જન
ફેલોશીપ ઈન સર્જરી (મુંબઈ,જર્મની)
ઓપીડી સમય : સવારે ૯ થી ૨ અને સાંજે ૪ થી ૭
૧૦૧, રોયલ કોમ્પ્લેક્ષ, ગવર્મેન્ટ એન્જિનીયરીંગ કોલેજની પાસે, એસ.બી.આઈ. ની પાસે, ઝાલોદ રોડ, છાપરી, દાહોદ





આપની આજ.....

મેષ વ્યવસાય ક્ષેત્રમાં સુધારો થશે અને આવકની નવી તકો પણ ઉપલબ્ધ થશે. જો તમે નવું કાર્ય શરૂ કરવા માંગો છો, તો તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

વૃષભ આજે તમને રાજકારણના ક્ષેત્રમાં કરેલા પ્રયાસોમાં સફળતા મળશે. તમને જનતાનો પણ સહયોગ મળશે. આજે પરિવારમાં કેટલીક શુભ ઘટનાઓ બની શકે છે.

મિથુન આજે તમારા કામ પ્રત્યે બેદરકાર ન રહો, જો આવું થાય તો તમારું કાર્ય સમયસર પૂર્ણ થશે નહીં. શિક્ષણ ક્ષેત્રે સ્પર્ધામાં સફળતા મળવાને કારણે વિદ્યાર્થીઓ આજે ખુશ રહેશે.

કર્ક આજીવિકાના ક્ષેત્રમાં કામ કરતા લોકોને આજે સફળતા મળશે. તમને નવી તકો મળશે. તમારે વ્યવસાયમાં સમજદારી અને વિવેકથી કામ કરવું જોઈએ, નહીં તો મામલો ગંભીર વળાંક લઈ શકે છે.

સિંહ આજે તમને તમારા પરિવારના સભ્યોની મદદથી આવકના નવા સ્ત્રોત મળશે અને તમારી સંપત્તિમાં વધારો થશે. જો તમે પાર્ટ-ટાઇમ નોકરી કરવાનું વિચારી રહ્યા છો, તો તમે તેના માટે સમય કાઢી શકશો.

કન્યા સરકારી નોકરીઓ સાથે જોડાયેલા લોકોને પ્રમોશન મળી શકે છે, જેના કારણે તેમની ખુશીનો કોઈ પાર રહેશે નહીં. આજે તમારે વ્યવસાયના સંદર્ભમાં ટૂંકા અંતરની મુસાફરી કરવી પડી શકે છે

તુલા આજે તમારું સ્વાસ્થ્ય થોડું બગડી શકે છે, પરંતુ સાંજે તેમાં સુધારો થશે. આજે પરિવારમાં કોઈ શુભ પ્રસંગ બની શકે છે, જેનાથી પરિવારના સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃશ્ચિક કાર્યસ્થળમાં પણ તમે તમારી કેટલીક નબળાઈઓ વિશે ચિંતિત જોવા મળશે. આજે તમારે તમારી આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું પડશે, નહીં તો ભવિષ્યમાં સંકટ આવી શકે છે.

ધનુ આજે તમારા વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરંતુ નાણાકીય લાભના અભાવે, ભવિષ્યના બધા કામ પ્રભાવિત થઈ શકે છે, તેથી નીતિ અનુસાર કામ કરો. જો તમારા સાસરિયા પક્ષમાંથી કોઈ પાસે તમે ઉધાર આપેલા પૈસા હોય, તો તમે આજે તે પાછા મેળવી શકો છો.

મકર આજે તમારું કોઈ પણ કાર્ય દોડાદોડ કર્યા વિના પૂર્ણ થશે નહીં, તેથી સખત મહેનત કરતા રહો. પારિવારિક વાતાવરણ આજે અન્ય દિવસો કરતાં વધુ શાંતિપૂર્ણ રહેશે.

કુંભ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ મોકળો થશે અને વિદેશમાં કામ કરતા લોકો માટે દિવસ સારો રહેશે. પ્રેમ જીવનમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે.

મીન લગ્નજીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલ મડાગાંઠનો અંત આવશે. જો તમારે આજે સંબંધ જાળવી રાખવો હોય તો સાવચેત રહો, નહીં તો ભવિષ્યમાં સંબંધ બગડી શકે છે.

જાહેર નોટીસ ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. બી.ડી.રાઠોડ મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૩૩૭/૨૦૨૬ આંક:- ૦૪

અરજદાર	ઉ.વ.	ધંધો	રહેવાસી
મોહનીયા દિવાનભાઈ સબુરભાઈ વિરુદ્ધ સામાવાળા	૩૩	ખેતી	માતવા, (નવા ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ
તલાટી કમ મંત્રીશ્રી		પુખ્ત નોકરી	ગ્રામ પંચાયત માતવા તા.ગરબાડા. જિ.દાહોદ

અરજદારે તેમની પુત્રી/પુત્રના નામે નં.૧ મોહનીયા રાજેશ્વરીબેન દિવાનભાઈ નાઓની જન્મ તા.૧૩/૦૬/૨૦૧૭ તથા નં.૨ મોહનીયા વિવેકભાઈ દિવાનભાઈ નાઓની જન્મ તા.૨૪/૧૨/૨૦૧૯ ના રોજ મોજે ગામ માતવા, નવા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે જન્મ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - માતવા ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારની પુત્રી/પુત્રઓની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી.આજ તારીખ : ૦૫ મી માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારઠ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

જાહેર નોટીસ ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. બી.ડી.રાઠોડ મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૩૩૬/૨૦૨૬ આંક:- ૦૪

અરજદાર	ઉ.વ.	ધંધો	રહેવાસી
ભુરીયા રતનભાઈ તીતરિયાભાઈ વિરુદ્ધ સામાવાળા	૩૨	ખેતી	ભે, (ગાળા ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ
તલાટી કમ મંત્રીશ્રી		પુખ્ત નોકરી	ગ્રામ પંચાયત ભે તા.ગરબાડા. જિ.દાહોદ

અરજદારે તેમના પુત્રના નામે ભુરીયા હાર્દિકભાઈ રતનભાઈ નાઓની જન્મ તા.૦૪/૧૧/૨૦૧૫ ના રોજ મોજે ગામ ભે, ગાળા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે જન્મ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ભે ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારની પુત્રઓની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી.આજ તારીખ : ૦૫ મી માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારઠ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

જાહેર નોટીસ ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. બી.ડી.રાઠોડ મુ.તા.૧૮/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૩૩૨/૨૦૨૬ આંક:- ૦૪

અરજદાર	ઉ.વ.	ધંધો	રહેવાસી
ભુરીયા વાદજીભાઈ રતનાભાઈ વિરુદ્ધ સામાવાળા	૬૪	ખેતી	ભે, (નિશાળ ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ
તલાટી કમ મંત્રીશ્રી		પુખ્ત નોકરી	ગ્રામ પંચાયત ભે તા.ગરબાડા. જિ.દાહોદ

અરજદારે તેમની પુત્રીઓના નામે નં.૧ ભુરીયા કલાબેન વાદજીભાઈ નાઓની જન્મ તા.૧૦/૦૫/૨૦૦૪ તથા નં.૨ ભુરીયા આરતીબેન વાદજીભાઈ નાઓની જન્મ તા.૨૦/૦૪/૨૦૦૬ ના રોજ મોજે ગામ ભે, નિશાળ ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે જન્મ થયેલ હોય તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ભે ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારની પુત્રીઓની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી.આજ તારીખ : ૦૫ મી માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારઠ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે અભલોડ ખાતે ગરબાડા વિધાનસભા યુવા સભા યોજાઈ

સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

દાહોદ, આદિવાસી સમાજના ગૌરવ, મહાન સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા. ૧૨થી ૧૮ નવેમ્બર દરમિયાન જનજાતિય ગૌરવ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ખાતે ગરબાડા વિધાનસભા યુવા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી પાંડુરંગ વણિકર ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલય, અભલોડ ખાતે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં દાહોદના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જસવંતસિંહ ભાભોર અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે જિલ્લા પંચાયત દાહોદના ઉપપ્રમુખ વિજયસિંહ બી. અમલીયાર, ગરબાડા તાલુકા પંચાયતનાં પ્રમુખ નિલાબેન એસ. દેહદા સહિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ, યુવાનો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાના જીવન, તેમના સંઘર્ષ, સાહસ, બલિદાન અને દેશની આઝાદીની લડતમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમાજના અધિકારો, સ્વાભિમાન અને અસ્તિત્વની રક્ષા માટે સંઘર્ષ કરીને સમગ્ર દેશને પ્રેરણાનો માર્ગ



બતાવ્યો છે. તેમનું જીવન યુવા પેઢી માટે હિંમત, એકતા, સંઘર્ષ અને સમાજસેવાની પ્રેરણા આપનારું છે.ગરબાડા વિધાનસભા યુવા સભાના માધ્યમ થકિ યુવા પેઢીને પોતાના સાંસ્કૃતિક વારસા, પરંપરા અને જનજાતિય ગૌરવનું જતન કરવા સાથે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સામાજિક પ્રગતિના ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી. સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનજાતિય કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી મેળવી તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સંસ્કૃતિ અને ક્રાંતિકારી વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનો તેમજ યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, સામાજિક જવાબદારી અને વિકાસની ભાવના વધુ મજબૂત કરવાનો રહ્યો હતો.

દાહોદમાં ૧૨થી ૧૮ નવેમ્બર સુધી જનજાતીય ગૌરવ સપ્તાહ : કલેક્ટર સુરભિ ગૌતમની પત્રકાર પરિષદમાં કાર્યક્રમોની રૂપરેખા જાહેર

દાહોદ, દાહોદ જિલ્લામાં ૧૨થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી થશે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે કલેક્ટર સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ હતી. તેમાં સપ્તાહ દરમિયાન યોજાનારા કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી.૧૩ નવેમ્બરે સવારે ૧૧થી ૧૨:૩૦ વાગ્યા સુધી જિલ્લાના છ વિધાનસભા ક્ષેત્રોમાં ૫૦૦ યુવાનો સાથે સંવાદ યોજાશે.

૧૪ નવેમ્બરે સવારે છ વિધાનસભા ક્ષેત્રોમાં આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓની સફાઈ અને પૂજા થશે. સાધુ-સંતોનું ઘરે જઈ શાલ અને ફૂલહારથી સન્માન કરાશે. સાંજે ૬ વાગ્યે ગ્રામ પંચાયતો અને શૈક્ષણિક સંસ્થાઓમાં દીપોત્સવ યોજાશે. સ્થાનિક બોલીમાં બિરસા મુંડાના જીવનચરિત્રનું વાંચન અને ભજનનું લાઇવ પ્રસારણ પણ થશે.૧૫ નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસના મુખ્ય કાર્યક્રમો યોજાશે. ફતેપુરાની આઈ.કે. દેસાઈ હાઈસ્કૂલ, દાહોદના શ્રી રામ પાર્ટી પ્લોટ, ઝાલોદના ગુરુ ગોવિંદધામ, કંબોઈ, લીમખેડાના મોટા હાથીધરા ક્રિકેટ ગ્રાઉન્ડ અને ગરબાડાના ગ્રામ પંચાયત મેદાનમાં કાર્યક્રમો રાખવામાં આવ્યા છે.આ સ્થળોએ પરંપરાગત શોભાયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે. વન અધિકાર પત્રો તથા સહાયનું વિતરણ અને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન પણ થશે.૧૬ નવેમ્બરે સાંજે ૪થી ૫ વાગ્યા સુધી દાહોદના સ્વામી વિવેકાનંદ સંકુલના ટોપી હોલમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાશે. તેમાં અધિકારીઓ, ડોક્ટરો, વકીલો, શિક્ષકો, ઉદ્યોગસાહસિકો અને ખેડૂતો સહિત ૨૦૦ આદિવાસી આગેવાનો સાથે સંવાદ કરી સૂચનો મેળવાશે.૧૭ નવેમ્બરે સાંજે ૪થી ૬ વાગ્યા સુધી છ વિધાનસભા ક્ષેત્રોમાં પરંપરાગત રમતોત્સવ યોજાશે. તેમાં તીરંદાજી, કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ અને ગિલ્લી-ડંડાની સ્પર્ધાઓ થશે.૧૮ નવેમ્બરે સવારે ૧૧થી ૧૨ વાગ્યા સુધી છ વિધાનસભા ક્ષેત્રોમાં અંદાજે ૫૦૦ આદિજાતિ મહિલાઓ સાથે સંવાદ યોજાશે. પત્રકાર પરિષદમાં સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનિયા અને ધારાસભ્યો મહેશભાઈ ભુરીયા, કનૈયાલાલ કિશોરી, મહેન્દ્રભાઈ ભાભોર તથા શૈલેષભાઈ ભાભોર હાજર રહ્યા હતા. ભાજપ પ્રમુખ સ્નેહલ ઘરીયા, પ્રાયોજના વહીવટદાર પ્રતીક જૈન, નિવાસી અધિક કલેક્ટર જે. એમ. રાવલ અને મીડિયાકર્મીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા રેડક્રોસ સોસાયટી ખાતે રક્તદાન કેમ્પના આયોજનમાં ૬૦ લોકોએ રક્તદાન કર્યું

ગોધરા, પંચમહાલ જિલ્લાના ગોધરા રેડક્રોસ સોસાયટી ખાતે સ્વ. કુંદનલાલ રમણલાલ સોનીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના ૬૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રક્તદાન કર્યું હતું. સેવાકીય હેતુસર યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક નાગરિકો અને દાતાઓનો સહયોગ મળ્યો હતો.

શહેર અને સોની સમાજના આગેવાનોની હાજરી આ રક્તદાન કેમ્પમાં ગોધરા શહેરના અગ્રણીઓ અને સોની સમાજના આગેવાનો ખાસ હાજર રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ કેમ્પમાં રક્તદાન કરનારા તમામ રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા અને પરિવાર દ્વારા આયોજિત આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવા નાગરિકોને અપીલ કરાઈ પુણ્યતિથિ નિમિત્તે આયોજિત આ કેમ્પ દ્વારા સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો દ્વારા વધુમાં વધુ નાગરિકોને રક્તદાન જેવી



સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી.રક્તદાતાઓના સહયોગથી કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન ગોધરા રેડક્રોસ સોસાયટીના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં એકત્ર થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર માટે ઉપયોગી બનશે. ૬૦ રક્તદાતાઓના યોગદાન સાથે સ્વ. કુંદનલાલ સોનીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કેમ્પ સંપન્ન થયો હતો.

ઝરીબુઝર્ગમાં આગથી ખેડૂતનો મકાઈનો પાક બળ્યો : નુકસાનનો સર્વે કરી સહાય આપવા રજૂઆત

ગરબાડા દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામના સંગોડ ફળિયા સીમ વિસ્તારમાં આગથી ખેડૂતનો આશરે ૨ હેક્ટરનો મકાઈનો પાક બળીને રાખ થઈ ગયો. કાપણી કરીને ખેતરમાં એકત્ર કરેલો પાક ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યે આગની લપેટમાં આવ્યો હતો. ખેડૂત રાયલાભાઈ સુખરામભાઈ સંગોડે મકાઈની કાપણી પૂરી કર્યા પછી પાકના ઢગલા ખેતરમાં રાખ્યા હતા. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. સૂકા પાકને કારણે આગ ઝડપથી ફેલાઈ અને આખો પાક બળી ગયો.આગમાં કોઈ જાનહાનિ કે પશુહાનિ થઈ હોવાનું જાણવા મળ્યુંનથી. પાકબળી જવાથી ખેડૂતને આર્થિક નુકસાન થયું છે.ઝરીબુઝર્ગ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ ગરબાડા તાલુકા વિકાસ અધિકારી (TDO) અને મામલતદારને લેખિત જાણ કરી છે. અસરગ્રસ્ત ખેડૂતના પાકના નુકસાનનો સર્વે કરીને સરકારી નિયમો મુજબ આર્થિક સહાય આપવા રજૂઆત કરવામાં આવી છે.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.70

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલમાં જનજાતીય ગૌરવ સપ્તાહનો પ્રારંભ : ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી જનજાતી સમાજના ગૌરવ અને યોગદાનને કરાયું નમન

ગોધરા,

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે પંચમહાલ જિલ્લામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ ગોધરા જિલ્લા પંચાયત ખાતે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યું હતું. ત્યારબાદ ચાંચોપા શાળાની દીકરીઓ દ્વારા સ્વાગત ગીતની પ્રસ્તુતિ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય પ્રવક્તા તપન ચાફેકે પોતાના વક્તવ્યમાં યુવાનોને દેશનું ભવિષ્ય ગણાવી સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવના મજબૂત કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સમાજને વિભાજિત કરવા માટે જાતિ, પેઢી તેમજ સ્ત્રી–પુરુષ વચ્ચે વિવિધ પ્રકારની ખાઈ ઊભી કરવાના પ્રયાસો થાય છે. આવા પ્રયાસો સામે સમાજને જોડવાની પ્રવૃત્તિઓમાં યુવાનોએ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. તેમણે વર્તમાનમાં ચાલી રહેલી જંઈછ પ્રક્રિયા અંગે પણ સમજણ આપતાં જણાવ્યું હતું કે, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે મતદાર યાદી શુદ્ધિકરણની આ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે. વર્ષ ૨૦૦૩ બાદ ફરી હાથ ધરવામાં આવેલી આ પ્રક્રિયા અંગે ફેલાતી ગેરસમજ દૂર કરી તેની યોગ્ય સમજ કેળવવી જરૂરી છે.

ધારાસભ્ય સી.કે. રાઉલજીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે ઉપસ્થિત સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, વ્યક્તિ કેટલું જીવ્યો તે કરતાં તેણે જીવનમાં કેવું કાર્ય કર્યું તે વધુ મહત્વનું છે. ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની ઉંમરમાં એવું ઐતિહાસિક કાર્ય કર્યું કે, આજે સમગ્ર દેશ તેમને યાદ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, જેનો સમાજના લોકોએ વધુમાં વધુ લાભ લેવો જોઈએ.

કાર્યક્રમમાં નાયબ ચૂંટણી અધિકારીશ્રી ધવલ સંઘાડાએ ઉપસ્થિત મહાનુભાવો, સંગઠનના હોદ્દેદારો અને યુવાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતંમ કે, આગામી ૧૫ નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ છે. આ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આદિવાસી સમાજ માટેની વિવિધ સરકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આ પ્રસંગે જનજાતિ સમાજની એક દીકરીએ પણ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. IIT કેરળમાંથી શિક્ષણ પ્રાપ્ત કરનાર આ દીકરીએ જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જનજાતિ સમાજના વિદ્યાર્થીઓને આગળ વધવા માટે



શિષ્યવૃત્તિ સહિતની વિવિધ તકો ઉપલબ્ધ છે. રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે શિક્ષણ અત્યંત જરૂરી હોવાથી યુવાનોએ શિક્ષણ ક્ષેત્રે આગળ વધવું જોઈએ.

શિક્ષક કિરણભાઈ આમલીયારે પણ પોતાના વક્તવ્યમાં જનજાતિ સમાજના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ સહાય અને સરકારી યોજનાઓ અંગે માહિતી આપી હતી. તેમણે યુવાનોને શિક્ષણનું મહત્વ સમજાવી ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે, જિલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય, પ્રાયોજના અધિકારીશ્રી પટેલ,પ્રમુખ નિર્મિત દેસાઈ સહિતના મહાનુભાવો, સમાજના આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

દિવાળી વેકેશનમાં પાવાગઢ ખાતે શ્રદ્ધાળુઓની ભીડ

હાલોલ,

પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે દિવાળી વેકેશન દરમિયાન મા મહાકાળીનાં દર્શન કરવા માટે ભક્તોની ભીડમાં વધારો થયો છે. ગુજરાત સહિત દેશનાં અન્ય રાજ્યોમાંથી પણ શ્રદ્ધાળુઓ દર્શન માટે અહીં પહોંચી રહ્યા છે. આજે વહેલી સવારથી જ મંદિર પરિસરમાં યાત્રિકોનો ઘસારો જોવા મળ્યો હતો અને મંદિરનાં દ્વાર ખુલતાં જ ભક્તોએ દર્શન માટે લાંબી કતારો લગાવી હતી.



દિવાળી વેકેશન અને નવા વર્ષ નિમિત્તે માતાજીનાં દર્શન કરવા માટે દૂરના વિસ્તારોમાંથી આવતા ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મંદિર પરિસરમાં જય માતાજીના નારા સંભળાયા હતા. યાત્રિકોની વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેથી દર્શન દરમિયાન યાત્રિકોને કોઈ મુશ્કેલી ન પડે અને યાત્રાધામમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે.

ગોધરા સેવાસદનમાં કમ્પ્યુટરના પીસીમાંથી સાપ નીકળ્યો : ચૂંટણી શાખાના કર્મચારીઓમાં દોડધામ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરાના સેવા સદન સંકુલમાં આવેલી ચૂંટણી શાખાના કમ્પ્યુટર રૂમમાં પીસીમાંથી સાપ નીકળ્યો. ફરજ પર હાજર કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સાપ પકડવામાં નિષ્ણાત વ્યક્તિને બોલાવવામાં આવ્યા હતા. તેમણે પીસીનો કેટલોક ભાગ સાવચેતીથી ખોલીને સાપનું રેસ્ક્યુ કર્યું હતું.પ્રાથમિક તપાસમાં સાપ ધામણ જાતિનો અને બિનઝેરી હોવાનું જાણવા મળ્યું હતું. રેસ્ક્યુ કર્યા બાદ તેને વન વિભાગના નિયમો મુજબ સુરક્ષિત સ્થળે છોડી મૂકવામાં આવ્યો હતો. સમયસર રેસ્ક્યુ થતાં કોઈ જાનહાનિ કે નુકસાન થયું નહોતું. સાપ પકડાયા બાદ ચૂંટણી શાખાના કર્મચારીઓએ રાહત અનુભવી હતી.

કાલોલમાં ગોવર્ધન પૂજા નિમિત્તે વિવિધ મંદિરોમાં અન્નકૂટ મહોત્સવ યોજાયો : ભક્તોનું મહેરામણ ઉમટ્યું

કાલોલ

કાલોલ શહેરમાં દીપાવલી અને નૂતન વર્ષના પાવન પર્વ નિમિત્તે પડતર દિવસે ભક્તિમય માહોલ વચ્ચે વિવિધ મંદિરોમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજના સુમારે શહેરના અગ્રણી ધાર્મિક સ્થાનો જેવાં કે શ્રી રણછોડજી મંદિર, ગોપાલલાલજી મંદિર, શ્રી રામજી મંદિર તેમજ શ્રી મોઢેશ્વરી માતા, શ્રી મહાલક્ષ્મી માતા અને શ્રી વેરાઈ માતાના મંદિરો ખાતે ભગવાન તેમજ માતાજી સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.ભગવાનને વિવિધ પ્રકારના મિષ્ટાન, ફરસાણ અને વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરી વૈષ્ણવો અને શ્રદ્ધાળુઓએ દર્શન તથા મહાઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



















